For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ખાડીપૂરથી સુરતને રૂ. 3,500 કરોડનો ફટકો

**ખેતી**, કાપડ, હીરા, રિટેલ, ઓટોમોબાઈલ અને જરી ઉદ્યોગને વ્યાપક નુકસાન

**નવસારી**
- 20 હજાર હેક્ટરમાં ડાંગર, શેરડી અને બાગાયતી પાકને નુકસાન
- 15 હજાર હેક્ટરના ઝિંગા તળાવ ધોવાઇ ગયા


ફાઈલ ફોટો

સુરતઃ છેલ્લા 25 દિવસમાં ત્રણ વખત આવેલા ભારે વરસાદ અને ખાડીપૂરના કારણે સુરત શહેર તથા જિલ્લામાં ખેતીથી લઈને ઉદ્યોગો સુધી વ્યાપક નુકસાન થયું છે. ખેડૂત આગેવાન જયેશ દેલાડના જણાવ્યા મુજબ કીમ નદી કાંઠાના વિસ્તારોમાં ખેતી, શાકભાજી અને બાગાયતી પાકને અંદાજે રૂ. 70 કરોડનું નુકસાન થયું છે, જ્યારે ઓલપાડમાં 15 હજાર એકર ડાંગરનો પાક અસરગ્રસ્ત બન્યો છે. ઓટોમોબાઈલ ક્ષેત્રને રૂ. 200 કરોડથી વધુનું નુકસાન થતાં 20 હજારથી વધુ વાહનો પાણીમાં ડૂબ્યા અને 12 હજાર વાહનો ગેરેજમાં પહોંચ્યા છે. ફોસ્ટાના પૂર્વ અગ્રણી રંગનાથ શારડાના જણાવ્યા મુજબ કાપડ ઉદ્યોગને રૂ. 1,000 કરોડથી વધુનું નુકસાન થયું છે. હીરા

...અનુસંધાન પાના 5 પર

## સુરતના કયા ઉદ્યોગને કેટલું નુકસાન થયું?

**ખેતી :** શાકભાજી અને બાગાયતી પાકને **70 કરોડ**
- શેરડીના ખેતરોમાં 4 ફૂટ પાણી ભરાયા છે
- ઓલપાડમાં 15,000 એકરમાં ડાંગરને નુકસાન થયું છે.



**વાહનોને નુકસાન**
- સુરત શહેર અને જિલ્લામાં 20,000 થી વધુ વાહનો પૂરના પાણીમાં ડૂબી ગયા
- 12,000 જેટલા વાહનો ગેરેજમાં ખડકાયા
- ઓટોમોબાઇલ ઉદ્યોગને 200 કરોડથી વધુનું નુકસાન



**કાપડ ઉદ્યોગને નુકસાન**

મિલો,વિવિંગ,એમ્બ્રોડરી, ટેક્સચયુરાઇઝિંગ એકમો મળી મેન્યુફેક્ચરિંગ સેક્ટરને 1000 કરોડથી વધુનું નુકસાન થયું છે.
- ટેક્સટાઈલ ટ્રાન્સપોર્ટરો ને પણ મોટું નુકસાન થયું છે
- પાંડેસરા જીઆઈડીસીમાં મિલોમાં 5 ફૂટ પાણી ભરાયા



**રિટેલ સેક્ટર**

ઇલેક્ટ્રોનિક્સ અને અનાજમાં 500 કરોડનું નુકસાન થયું છે.



**હીરા**

ઝવેરાત ઉદ્યોગને નુકસાન : 25 દિવસમાં 7 દિવસ હીરાના કારખાના બંધ રહેતા 800 કરોડનું પ્રોડક્શન લોસ



---

**સોશિયલ મીડિયાથી શરૂ થયેલી ચળવળે મોટું સ્વરૂપ પકડ્યું**

# મગોબમાં મીઠી ખાડીના અસરગ્રસ્તો દ્વારા જનઆંદોલનનું રણશિંગું ફુંકાયું

**રવિવારે** માધવ બાગ ખાતે યોજાયેલી મિટિંગમાં 15થી વધુ સોસાયટીના લોકો એક મંચ પર આવ્યા

**હવે** આશ્વાસન નહીં ઉકેલ જોઈએ તેવા સૂર સાથે PIL કરવા સુધીની તૈયારી



સુરતઃ છેલ્લાં 22 વર્ષથી દર ચોમાસે ખાડીપૂરની આફત સહન કરી રહેલા મગોબ-મીઠી ખાડી વિસ્તારના હજારો અસરગ્રસ્તોની ધીરજ હવે ખૂટી ગઈ છે. છેલ્લા એક મહિનાથી પણ ઓછા સમયમાં ત્રણ વખત ખાડીનું પાણી ઘરો, દુકાનો અને રસ્તાઓમાં ઘૂસતાં લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. કોકરોચ આંદોલન જેમ સોશિયલ મીડિયાની પોસ્ટથી શરૂ થઇ મોટું બન્યું હતું તેમ ખાડીપૂરના અસરગ્રસ્તો મુદ્દે પણ સોશિયલ મીડિયાથી શરૂ થયેલી ચળવળ હવે મોટું સ્વરૂપ પકડી રહી છે.

27 જુલાઈએ સોશિયલ મીડિયા મારફતે જનઆંદોલનની અપીલ કરવામાં આવી હતી. શરૂઆતમાં મર્યાદિત પ્રતિસાદ મળ્યો હતો, પરંતુ 2 ઓગસ્ટે ફરી કરવામાં આવેલી અપીલ બાદ સમગ્ર મગોબ-મીઠી ખાડી વિસ્તારમાં બેઠકોનો દોર શરૂ થયો છે. રવિવારે વિવિધ સોસાયટીઓ અને વિસ્તારોમાં યોજાયેલી બેઠકોમાં મોટી સંખ્યામાં રહીશો, વેપારીઓ, મહિલાઓ, યુવાનો અને સોસાયટીના હોદ્દેદારો જોડાયા હતા. અસરગ્રસ્તોનું

...અનુસંધાન પાના 5 પર

### 1970ના દાયકામાં મીઠી ખાડીનું પાણી પીવાલાયક હતું એટલે મીઠી ખાડી નામ પડ્યું

મગોબ-મીઠી ખાડી વિસ્તારના 68 વર્ષીય સ્થાનિકે પોતાના પાંચ દાયકાના અનુભવના આધારે ખાડીના બદલાયેલા સ્વરૂપ અંગે ચિંતાજનક ચિત્ર રજૂ કર્યું છે. તેમના જણાવ્યા મુજબ 1970ના દાયકામાં મીઠી ખાડીનું પાણી એટલું સ્વચ્છ હતું કે તેનો ઉપયોગ પીવા માટે પણ થતો હતો. પાણી ખારું નહીં પરંતુ મીઠું અને સ્વચ્છ હોવાથી જ તેનું નામ 'મીઠી ખાડી' પડ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. તે સમયે ભારે વરસાદ છતાં ખાડીનું પાણી રહેણાક વિસ્તારોમાં પ્રવેશતું નહોતું. કારણ કે કુદરતી જળપ્રવાહ અવરોધરહિત હતો.

### કોર્પોરેટરને ફોન કરી કહ્યું પાગલ સમજો છો કે લોલીપોપ આપો છો?



ખાડીપૂર મુદ્દે શરૂ થયેલા આંદોલનના મંડાણમાં મહિલાઓ પણ રણચંડીને બનીને બહાર આવી છે. માધવબાગ ખાતે ભેગી થઇ આક્રોષ વ્યક્ત કરી કરેલી મહિલાઓ પૈકી કલ્પનાબહેને સ્થાનિક કોર્પોરેટરને ફોન કરી આક્રોષ વ્યક્ત કર્યો હતો. સામેના છેડેથી કોર્પોરેટરે જણાવ્યું કે, આ ચોમાસાની પેટર્ન બદલાતાં વધુ પાણી આવી રહ્યું છે. ત્યારે કલ્પનાબહેને સામે પરખાવ્યું હતુ કે, લોકોને શું પાગલ સમજો છો કે લોલીપોપ આપી રહ્યા છો.

### 100થી વધુ સોસાયટી સાથે હવે રજૂઆતથી લઇ ઘેરાવ સુધીની લડત: ગૌતમભાઈ



મગોબ-મીઠી ખાડી વિસ્તારના આગેવાન ગૌતમભાઈએ જણાવ્યું કે, છેલ્લાં 22 વર્ષથી આ વિસ્તાર ખાડીપૂરની સમસ્યા ભોગવી રહ્યો છે, જ્યારે છેલ્લા દસ વર્ષથી વિવિધ સ્તરે સતત રજૂઆતો કરવામાં આવી રહી છે, તેમ છતાં કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. તેમના જણાવ્યા મુજબ વાલક પાટિયાથી ખાડીનું યોગ્ય ડાયવર્ઝન કરવામાં

...અનુસંધાન પાના 5 પર

### મનપાના કરોડો રૂપિયા જાય છે ક્યાં? અમે વોટિંગનો બહિષ્કાર કરીશું: અલકાબહેન



સ્થાનિક રહેવાસી અલકાબહેને રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વર્ષોથી આ પીડા ભોગવીએ છીએ. નેતાઓ ગાંધારી બનીને બેઠા છે ને અમે થાકી ગયા છીએ.
મનપા ગુજરાતમાં સૌથી પહેલી આવે છે તો આ નાણાં જાય છે ક્યાં? અમે 2027ના ઇલેક્શનમાં વોટિંગનો બહિષ્કાર કરીશું.

---

# ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતાં ઉકાઈમાં પાણીની આવક ઘટીને 98 હજાર ક્યુસેક

**ડેમની** સપાટી 333.31 ફૂટ, હથનુરમાંથી પણ પાણી છોડવામાં ઘટાડો

**ગઈકાલે** 2.22 લાખ ક્યુસેક પાણીની આવક થઈ હતી

### બે હાઈડ્રો અને એક કેનાલ ચાલુ કરવામાં આવી

ડેમમાં પાણીનું યોગ્ય સંચાલન કરવા માટે હાલમાં ઉકાઇ ડેમમાંથી 11,966 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આ પાણી છોડીને બે હાઇડ્રો પાવર યુનિટ તેમજ એક કેનાલ કાર્યરત કરવામાં આવી છે. જો આગામી દિવસોમાં ઉપરવાસમાં વરસાદ વધશે અથવા સેન્ટ્રલ વોટર કમિશનના ફોરકાસ્ટ મુજબ વધુ પાણીની આવકની શક્યતા રહેશે તો પરિસ્થિતિને અનુરૂપ ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવશે.

સુરતઃ ઉકાઇ ડેમના ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતાં ડેમમાં પાણીની આવકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આજે સાંજે ડેમમાં પાણીની આવક ઘટીને 98 હજાર ક્યુસેક થઇ હતી અને ડેમની સપાટી 333.31 ફૂટે પહોંચતા ડેમ હવે રૂલ લેવલથી માંડ 2 ફૂટ નીચે છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ઉપરવાસના 51 રેઈનગેજ સ્ટેશનોમાંથી માત્ર થોડાક વિસ્તારોમાં જ સામાન્યથી હળવો વરસાદ નોંધાયો હતો, જ્યારે મોટાભાગના વિસ્તારોમાં વરસાદનો વિરામ રહ્યો હતો. વરસાદની તીવ્રતા ઘટતાં ડેમમાં પાણીની આવક પણ ગઈકાલની સરખામણીએ અડધાથી પણ ઓછી થઈ ગઈ છે. છેલ્લા 24 કલાક દરમિયાન નંદુરબારમાં 11 મીમી, સાગબારામાં 19 મીમી, અક્કલકુવામાં 16 મીમી, ઉકાઈમાં 15 મીમી, ચોપડવાવમાં 17 મીમી અને કાકડીમ્બામાં 21 મીમી વરસાદ નોંધાયો હતો. આ સિવાયના વિસ્તારોમાં વરસાદ નોંધાયો નહોતો, જેના કારણે ઉપરવાસમાંથી પાણીની આવકમાં ઘટાડો જોવા મળ્યો છે. ઉપરવાસમાં વરસાદ ઘટતાં હથનુર ડેમમાંથી છોડવામાં આવતા પાણીમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આજે હથનુર ડેમમાંથી માત્ર 15 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. તેની અસર ઉકાઈ ડેમમાં આવનારા પાણીના પ્રવાહ પર પણ જોવા મળી રહી છે. ઉકાઈ ડેમમાં આજે કુલ 98 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. જ્યારે ગઈકાલે ડેમમાં 2.22 લાખ ક્યુસેક

...અનુસંધાન પાના 5 પર

# વરસાદની રજાઓની ભરપાઈ કરવા રવિવારે શાળા ચાલુ રાખવાની માંગ

**સુરત** સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરી

**યુનિટ**-પિરિયોડિક ટેસ્ટ નિર્ધારિત સમયપત્રક મુજબ યોજવા મંજૂરી આપવા અપીલ

સુરતઃ જુલાઈ માસ દરમિયાન ભારે વરસાદ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી રજાઓને કારણે શૈક્ષણિક કાર્યને થયેલા નુકસાનની ભરપાઈ માટે સુરતના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને સુરત જિલ્લાના સ્વનિર્ભર શાળાઓને જરૂરિયાત મુજબ રવિવારના દિવસે શાળા ચાલુ રાખવાની સામૂહિક મંજૂરી આપવા માંગ કરવામાં આવી છે.

મંડળે જણાવ્યું છે કે ભારે વરસાદની આગાહી અને સાવચેતીના ભાગરૂપે અંદાજે પાંચ દિવસ શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. તેના કારણે અભ્યાસક્રમમાં નોંધપાત્ર વિલંબ થયો છે અને સમયસર અભ્યાસ પૂર્ણ કરવામાં મુશ્કેલી ઊભી થઈ છે. આગામી યુનિટ ટેસ્ટ અને પિરિયોડિક ટેસ્ટને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ સમયસર પૂર્ણ કરવો જરૂરી બન્યો છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે આગામી સમયમાં આવનારી જાહેર રજાઓ તેમજ વિવિધ ધાર્મિક અને સામાજિક તહેવારો દરમિયાન વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો વિવિધ કાર્યક્રમોમાં વ્યસ્ત રહેતા હોવાથી તે દિવસોમાં શાળા ચાલુ

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાં તાપી નદીમાં મગર દેખાતાં વન વિભાગે ડ્રોનથી સરવે કર્યો

**ચંદ્રશેખર** આઝાદ બ્રિજની નીચે ભરીમાતા પાસે મગરનો વિડીયો વાયરલ



સુરતઃ સુરત શહેરમાંથી પસાર થતી તાપી નદીમાં મગર દેખાવાની ઘટનાઓ હવે અવારનવાર સામે આવી રહી છે. થોડા દિવસ પહેલા અમરોલી પાસે દેખાયા બાદ હવે જીલાની બ્રીજ પાસે મગર દેખાયો છે. ફરી મગર દેખાયાનો વીડિયો વાયરલ થતા વન વિભાગ વધુ એલર્ટ થયો હતો. હવે ડ્રોનથી શોધખોળ શરૂ કરી હતી.

થોડા દિવસ પહેલાં માછીમારોએ નદીમાં મગર જોયો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ત્યારબાદ માછલી પકડવાની જાળમાં એક મગર ફસાઈ જવાની ઘટનાએ લોકોમાં ચિંતા વધારી હતી.

...અનુસંધાન પાના 5 પર

### બહાર દેખાયા બાદ ફરી ગાયબ થઈ જાય છે

મગરના સતત દેખાવાની ઘટનાઓને પગલે વન વિભાગની ટીમ છેલ્લા ઘણા દિવસોથી તાપી નદીના વિવિધ વિસ્તારોમાં સતત શોધખોળ કરી રહી છે. મગર થોડા સમય માટે નજરે ચઢ્યા બાદ ફરી પાણીમાં અથવા કિનારાના ઝાડીઝાંખરામાં અદૃશ્ય થઈ જતો હોવાથી તેને શોધવામાં મુશ્કેલી પડી રહી છે.

### મગર દેખાય એટલે તરત વન વિભાગને જાણ કરો

વન વિભાગના નાયબ વન સંરક્ષક સુધીરકુમારના જણાવ્યા મુજબ મગરના હલનચલન પર સતત નજર રાખવામાં આવી રહી છે. જો મગર ફરી નજરે પડશે તો તેને સુરક્ષિત રીતે પકડીને યોગ્ય સ્થળે સ્થળાંતર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ત્યાં સુધી નદી કિનારે અનાવશ્યક ભીડ ન કરવા, પાણીમાં ઉતરવાનું ટાળવા અને મગર દેખાય તો તરત જ વન વિભાગને જાણ કરવા લોકોને અપીલ કરવામાં આવી હતી.

# તબીબોની મહેનતથી ૨૦ મિનિટ સુધી બંધ રહેલું યુવાનનું હૃદય ફરી ધબક્યું

**સ્મીમેરના** તબીબોએ સતત CPR, ઇલેક્ટ્રિક શોક અને વેન્ટિલેટરનો ઉપયોગ કરી અશક્યને શક્ય બનાવ્યું

સુરતઃ પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં ડોક્ટરોની સમયસૂચકતા અને સતત પ્રયાસોથી ૨૩ વર્ષીય યુવાનને મોતના મુખમાંથી પાછો લાવવામાં સફળતા મળી છે. પથરીના ઓપરેશન દરમિયાન યુવાનનું હૃદય લગભગ ૧૫થી ૨૦ મિનિટ સુધી ધબકવાનું બંધ થઈ ગયું હતું. તબીબોની ટીમે સતત સીપીઆર, કૃત્રિમ શ્વાસ, ઇલેક્ટ્રિક શોક અને અન્ય અદ્યતન સારવાર આપીને ફરી હૃદયના ધબકારા શરૂ કરાવ્યા હતા. આશરે ૨૦ દિવસની સારવાર બાદ યુવાન સંપૂર્ણ સ્વસ્થ થઈ પોતાના પગે ચાલીને ઘરે પરત ફર્યો હતો.

સ્મીમેર હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, રૂસ્તમપુરા વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય ભરત પટેલને પેશાબની નળીમાં પથરીની સમસ્યા હોવાથી ગત ૧૫ જૂને સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૦ જૂનના રોજ તેમના ઓપરેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઓપરેશન શરૂ કરતા પહેલાં કમરથી નીચેના ભાગને નિશ્ચેતન કરવા માટે સ્પાઇનલ એનેસ્થેસિયાનું ઇન્જેક્શન આપવામાં આવ્યું હતું. ઓપરેશન દરમિયાન અચાનક ભરતના હૃદયના ધબકારા અનિયમિત બન્યા હતા. થોડા જ સમયમાં તેમનું બ્લડ પ્રેશર અત્યંત ઘટી ગયું અને હૃદય સંપૂર્ણપણે બંધ પડી ગયું. આ ગંભીર સ્થિતિમાં ઓપરેશન થીયેટરમાં હાજર ડોક્ટરો અને સ્ટાફે ગભરાયા વિના તાત્કાલિક સારવાર શરૂ કરી હતી.

એનેસ્થેસિયા અને મેડિસિન વિભાગની ટીમે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર સતત સીપીઆર આપવાનું શરૂ કર્યું હતું. સાથે જ શ્વાસનળીમાં ટ્યુબ મૂકીને કૃત્રિમ શ્વાસ અપાયો, ઓક્સિજન આપવામાં આવ્યો તેમજ ડિફિબ્રિલેટર મશીન દ્વારા ઇલેક્ટ્રિક શોક પણ આપવામાં આવ્યો હતો. સતત ૧૫થી ૨૦ મિનિટ સુધી ચાલેલા સઘન પ્રયાસો બાદ આખરે ભરતના હૃદયના ધબકારા ફરી શરૂ થયા હતા. ત્યારબાદ તેમને વધુ સારવાર માટે આઈસીયુમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. શ્વાસ

...અનુસંધાન પાના 5 પર

# સુરત RTOમાં AIના ડરના લીધે બારડોલી તરફ ધસારો

**એપોઈન્ટમેન્ટ** માટે એજન્ટો 500 રૂપિયા ઉઘરાવતા હોવાની ચર્ચા

સુરતઃ સુરત શહેરમાં ડ્રાઈવિંગ લાયસન્સ માટે એઆઈ (AI) આધારિત ઓટોમેટેડ ટ્રેક શરૂ થતાં જ વાહનચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ કોઈ એઆઈ ટેસ્ટિંગ સામેનો વિરોધ નથી, પરંતુ એઆઈના ડરના લીધે બારડોલી તરફ ધસારો જોવા મળી રહ્યો છે. ઓટોમેટેડ ટ્રેક પર કડક ટેસ્ટમાં નાપાસ થવાના ડરથી વાહનચાલકો સુરતને બદલે નજીકના બારડોલી આરટીઓ ખાતે દોડી રહ્યા છે, જ્યાં હજુ મેન્યુઅલ સિસ્ટમથી લાયસન્સ મેળવવાની સુવિધા ચાલુ છે.

ફક્ત બારડોલીમાં જ એઆઈ આધારિત ટેસ્ટ નહીં હોવાથી બારડોલી આરટીઓ ખાતે વાહનચાલકોનો અચાનક ભારે ધસારો વધવાથી ઓનલાઈન પોર્ટલ પર ભારે ભારણ વધી ગયું છે. સ્થિતિ એવી છે કે લાયસન્સ માટેની એપોઈન્ટમેન્ટ વિન્ડો ખુલવાની સાથે જ ગણતરીની સેકન્ડોમાં તમામ સ્લોટ ફૂલ થઈ જાય છે. પરિણામે, સામાન્ય અરજદારોને એપોઈન્ટમેન્ટ મળતી નથી અને હાલ બારડોલીમાં એકથી દોઢ મહિના સુધીનું લાંબું વેઈટિંગ ચાલી રહ્યું છે. લોકોની આ મજબૂરી અને ઉતાવળનો ગેરફાયદો ઉઠાવીને એજન્ટો સક્રિય થઈ ગયા છે. બારડોલી આરટીઓમાં તાત્કાલિક એપોઈન્ટમેન્ટ અપાવવાના નામે એજન્ટો દ્વારા ખુલ્લેઆમ કાળા બજાર શરૂ કરવામાં આવ્યા છે. એપોઈન્ટમેન્ટ માટે 500 રૂપિયા કે તેથી વધુ રકમ પડાવવામાં આવતી હોવાની વ્યાપક બૂમો ઉઠી છે, જેના કારણે સામાન્ય અરજદારો આર્થિક શોષણનો ભોગ બની રહ્યા છે.

આ સમગ્ર ઘટનાક્રમ અને એજન્ટ રાજની ચર્ચાઓ હવે સુરત આરટીઓ સુધી પહોંચી ચૂકી છે. એઆઈના

...અનુસંધાન પાના 5 પર


**સોલમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીને દર્શન થઈ જાય. આજે ફરી તમને મળવાનું મન થાય છે, પાસે બેસી વાત કરવાનું મન થાય છે. તને જોરથી ગળે લગાવવાનું મન થાય છે, સુખ-દુખની વ્યથા કહેવાનુ મન થાય છે. નાની મોટી દરેક ફરિયાદ કરવાનું મન થાય છે. તારી યાદોના વરસાદમાં ભીજવવાનું મન થાય છે તુ આવીશ આંસુ લુછવા એ વિચારીને આજે ફરી રડવાનું મન થાય છે. પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રભુ ચરણોમાં પ્રાર્થના.

**સ્વ. વંદના રાજેન્દ્ર શેરડીવાલા**
જન્મ તા. ૦૧-૧૧-૧૯૫૫
સ્વ. તા. ૦૪-૦૮-૨૦૧૦

લિ.
સ્વ. ઈશ્વરલાલ નાથુભાઈ શેરડીવાલા
સ્વ. મંજુલાબેન ઈશ્વરલાલ શેરડીવાલા
રાજેન્દ્ર ઈશ્વરલાલ શેરડીવાલા
અશ્વીન ઈશ્વરલાલ શેરડીવાલા
તેજસ અશ્વીન શેરડીવાલા
શેરડીવાલા પરિવારના જયશ્રીકૃષ્ણ

B-1103, શ્રેણીક રેસીડન્સી, સોમેશ્વરા સોસાયટી પાસે, ઓમસાંઈ રો હાઉસની સામે વેસુ સુરત. મો.નં. 98241-80680

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**શ્રી વીસા પોરવાડ રૂવાઈ જ્ઞાતિ પ્રાર્થનાસભા**



**સ્વ. જગદીશભાઈ મણીલાલ શાહ**
સ્વ. તા. ૦૨-૦૮-૨૦૨૬ (ઉ. ૮૩ વર્ષ)

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજન શ્રી જગદીશભાઈ મણીલાલ શાહ તા. ૦૨-૦૮-૨૦૨૬ ને રવિવાર ના રોજ રાત્રે અરિહંત શરણ થયા છે.
સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૦૪/૦૮/૨૦૨૬ મંગળવાર ના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.
પ્રાર્થનાસભા સ્થળ : "બેન્કવેટ હોલ" - ગ્રાઉન્ડ ફ્લોર, એલિઝિયમ એવન્યુ, જિંજર હોટલ પાસે, ગોવર્ધન હવેલીની પાછળ, રાહુલરાજ મોલની સામે, પીપલોદ, સુરત.

લિ.
નૂતનબેન જગદીશભાઈ શાહ
મિતુલભાઈ - રૂપલબેન મેઘનાબેન - સાવનભાઈ
ડૉ. સંજયભાઈ - પ્રીતિબેન સુનીષભાઈ - શ્રદ્ધાબેન
ડૉ. મયુરીબેન - કેતનભાઈ બેલાબેન - ડૉ. કેતનભાઈ
જાનવી - યઝદ, પ્રેક્ષા - પાર્થ, મૌસમ, ભાવીક - એફી, નૈતીક - આશરીન,
ડૉ. અભિષેક - ડૉ. નીર્વી, દર્શન - અનઘા, મેઘ - વ્યોમા - ઝિઆન - તાશી - મેહેર
(મેઘમયુર ગ્રુપ, સુરત)

**શ્રી પ્રાણનાથ હોસ્પિટલના સ્થાપકશ્રીની ૧૫મી પૂણ્યસ્મૃતિએ શ્રદ્ધાંજલિ**



બ્રહ્મલીન સ્વામીશ્રી ૧૦૮ તારતમ જ્યોતિજી મહારાજ
પ્રાદુર્ભાવ તા. ૨૬/૧૧/૧૯૫૮ ધામગમન તા.૦૪/૦૮/૨૦૧૧
જનકલ્યાણ માટે રાહત દરની શ્રી પ્રાણનાથ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલ શરૂ કરનાર બ્રહ્મલીન સંત સ્વામી તારતમ જ્યોતિજી મહારાજની પંદરમી પુણ્યતિથિએ અમો સર્વે તેમને પ્રેમથી શ્રદ્ધાંજલિ અપર્ણ કરીએ છીએ.

લિ.
અધ્યક્ષ સ્વામી લક્ષ્મણ જ્યોતિજી
સ્થાપક મહામંત્રી પ્રા.કાંતિ મોદી
શ્રી પ્રાણનાથ આરોગ્ય ટ્રસ્ટ સુરત
સ્વામી શ્રી તારતમ જ્યોતિજી જનકલ્યાણ ટ્રસ્ટ
શ્રી છત્રસાલ સેવા ટ્રસ્ટ
શ્રી પ્રાણનાથ સેવા શ્રમ ટ્રસ્ટ
શ્રી પ્રણામી યુવક મંડળ
શ્રી છત્રસાલ મહિલા મંડળ
શ્રી પ્રણામી મહિલા મંડળ
શ્રી પ્રાણનાથ હોસ્પિટલ, વેડરોડ અને અમરોલી બ્રાન્ચના સર્વે સ્ટાફ તથા સર્વે પ્રણામી સુંદરસાથના કોટી કોટી પ્રણામ.

**ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ.ભાવેશભાઈ કનુભાઈ પટેલ**
જન્મ તા. ૦૨-૦૪-૧૯૮૬ | સ્વ.તાઃ ૦૪-૦૮-૨૦૨૩

અંજલી આપતા શબ્દો ખુટે છે, પુષ્પાંજલી આપતા પુષ્પો ખુટે છે, રડતા રડતા અશ્રુઓ ખુડે છે, કુદરતના ખજાને ખોટ પડે છે ત્યારે માયાળુ માનવીના ખજાના લુટે છે, આપનો લાગણીશીલ સ્વભાવ ક્યારેય ભુલાશે નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

લિ.
ચંદુભાઈ નરસિંહભાઈ પટેલ(કાકા)
આર્નવકુમાર ભાવેશભાઈ પટેલ(પુત્ર)
ગં.સ્વ.રમીલાબેન કનુભાઈ પટેલ(માતા)
ગં.સ્વ.પાયલબેન ભાવેશભાઈ પટેલ(પત્ની)
તથા સમસ્ત પરિવાર

સ્થળઃ ગણપતિ વિસર્જન ઓવારા, કાંઠા મહોલ્લો, રૂંઢ-મગદલ્લા, સુરત.